| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭/૦૧/૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭/૦૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૧૮/૦૪/૨૦૨૩ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૧ ૦૩ ૧૧ |

**મહે. એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ.**

| |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૨૫૮૮/૨૦૨૨** |
| **આંકઃ –** |

**ફરીયાદી:– શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ–ભાવેશભાઇ બિપીનચંદ્ર જશ)

**–– વિરૂધ્ધ ––**

**આરોપી:– મોહમ્મદ ઉંમર સલામુદ્દીન રંગરેજ,**

રહે.મ.નં.૫૦૩, ફૈજ મહંમદ સોસાયટી, ફૈઝાન ફ્લેટ, નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ.

**ગુન્હોઃ– આઇ.પી.સી.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એચ.પટેલ |

**<u>ચુકાદો</u>**

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામનાં આરોપીએ તા.૧૦–૧૦–૨૦૨૧ નાં રોજ કલાકઃ૨૨–૦૦ વાગે વિશ્વકુંજ ચાર રસ્તા, પાલડી જાહેર રોડ પર પોતાના કબ્જાની એક્ટીવા નં.જી.જે.૦૧.એમ.યુ. ૪૦૩૮ ની એન.આઇ.ડી. તરફથી પુરઝડપે , બેદરકારી તેમજ ગફલતભરી રીતે

ચલાવી લાવી ફરીયાદીનાઓની એક્ટીવા નં.જી.જે.૦૧.એફ.એક્સ.૯૬૧૩ ને ઓવરટેક કરવા જતા ડાબી બાજુથી ટક્કર મારી ફરીયાદીનાઓને તથા પાછળ બેઠેલ તેમની દિકરી વૈદેહી ઉ.વ.૧૩.ને તથા આરોપી પોતે તથા પાછળ બેસેલ ખીજર રંગરેજનાઓને એક્ટીવા સાથે નીચે પાડી દઇ ઇજા પહોંચાડી તથા પોતાને ડાબા હાથનાં કાંડાનાં ભાગે ફ્રેક્ચર કરી શરીરે ઇજાઓ પહોંચાડી આઇ.પી.સી. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબનો આખરી રિપોર્ટ/ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ,જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઇ આરોપી વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીને ગુન્હાનું તહોમત વાંચી, સંભળાવી આંક–૦૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

**(૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ભાવેશ બિપીનચંદ્ર જશની સોગંદ પર જુબાની | ૦૫ |
| ૨. | ફરીયાદ | ૦૬ |
| ૩. | સાહેદ અમીતાબેન ભાવેશભાઇ જશની સોગંદ પર જુબાની | ૦૭ |
| ૪. | સાહેદ ખીજર અબ્દુલ કયુમ રંગરેજની સોગંદ પર જુબાની | ૦૮ |
| ૫. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |
| ૬. | સારવાર સર્ટીફીકેટો | ૧૦ થી ૧૨ |
| ૭. | ત.ક.અ.પ્રભાતભાઇ સુખાભાઇ મીયાત્રાની સોગંદ પર જુબાની | ૧૪ |

ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઈન્કાર કરેલ છે,ફરીયાદી દ્વારા તેઓ સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોવાનુ અને પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે તેમજ પોતાને બચાવપક્ષનાં સાક્ષી તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તથા કોઇ પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલીલ કરી એવુ જણાવેલ છે કે, આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૫) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૧૦–૧૦–૨૦૨૧ નાં રોજ કલાકઃ૨૨–૦૦ વાગે વિશ્વકુંજ ચાર રસ્તા, પાલડી જાહેર રોડ પર પોતાના કબ્જાની એક્ટીવા નં.જી.જે.૦૧.એમ.યુ. ૪૦૩૮ ની એન.આઇ.ડી. તરફથી પુરઝડપે , બેદરકારી તેમજ ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીનાઓની એક્ટીવા નં.જી.જે.૦૧.એફ.એક્સ.૯૬૧૩ ને ઓવરટેક કરવા જતા ડાબી બાજુથી ટક્કર મારી ફરીયાદીનાઓને તથા પાછળ બેઠેલ તેમની દિકરી વૈદેહી ઉ.વ.૧૩.ને તથા આરોપી પોતે તથા પાછળ બેસેલ ખીજર રંગરેજનાઓને એક્ટીવા સાથે નીચે પાડી દઇ ઇજા પહોંચાડી તથા પોતાને ડાબા હાથનાં કાંડાનાં ભાગે ફ્રેક્ચર કરી શરીરે ઇજાઓ પહોંચાડી આઇ.પી.સી. કલમ–

૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

## // કારણો //

(૭) **મુદ્દા નં.૧**

**(૭.૧)** ઉપરોક્ત હકીકતે આ કામનાં મુળ ફરીયાદીએ આ કામનાં આરોપી વિરૂધ્ધ એન–ડીવીઝન ટ્રાફિક પો.સ્ટે.માં ફરીયાદ કરતા હાલનો કેસ ચાર્જશીટનાં આધારે દાખલ થયેલ છે. ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે મુળ ફરીયાદી ભાવેશભાઇ બીપીનચંદ્ર જશ આંક–૦૫ ની સરતપાસમાં એવુ જણાવે છે કે, અકસ્માતનો બનાવ ૨૦૨૧ નાં વર્ષમાં બનેલો. બનાવ કેવી રીતે બનેલો, બનાવમાં વાહનની ઝડપ કેવી હતી, કોની બેદરકારીથી બનાવ બનેલો તેની તેઓને ખબર નથી. બનાવ અંગેની અસલ ફરીયાદ તેઓને બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૬ થી પુરાવામાં રજુ કરેલ છે.

આમ, મુળ ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરાવી ઉલટતપાસનાં પુછવાના સવાલો પુછેલ, પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે,બનાવ સમયે વાહનની ઝડપ કેવી હતી તેમજ કોની બેદરકારીથી બનાવ બનેલો તે કહી શકે નહી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, આરોપી સાથે તેઓને રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. આમ, ફરીયાદીની ઉપરોક્ત જુબાની ધ્યાને લેતા આ કામનાં આરોપીએ પોતાના કબજાનું વાહન બેદરકારી અને પુરઝડપે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવીને અકસ્માત કરેલ

હોય તેવો કોઇ પુરાવો ફરીયાદીની સોગંદ પરની સરતપાસમાં જણાઇ આવતો ન હોય, ફરીયાદીની જુબાની ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતી નથી.

**(૭.૨)** ફરીયાદપક્ષ તરફે સાહેદ અમીતાબેન ભાવશભાઇ જશ આંક–૦૭ ની તથા સાહેદ ખીજર અબ્દુલ કયુમ રંગરેજ આંક–૦૮ ની સોગંદ પરની સરતપાસમાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરાવી ઉલટતપાસનાં પુછવાના સવાલો પુછેલ, પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

**(૭.૩)** આ કામે ફરીયાદપક્ષે આંક-૦૯ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ આરોપી તરફે આંક પાડવા સંમતિ આપતા પુરાવામાં રજુ કરેલ છે, પરંતુ તેનાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન મળતુ નથી. આંક-૦૯ નાં પંચનામાથી તે જગ્યાએ બનાવ બન્યાનું માની શકાય. પરંતુ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો આરોપીએ કરેલ હકીકતને સમર્થન મળતુ નથી.

**(૭.૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી આંક–૧૨ ઇજા અંગેનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. જે વંચાણે લઇએ તો તેનાથી પણ ઈજા થયેલ હોય અને સારવાર લીધેલ હતી તેવુ માની શકાય પરંતુ આ ઇજા આરોપીએ કરેલ હોય, તેવી હકીકતને સમર્થન મળતુ નથી.જેથી આ પુરાવો ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થતો નથી.

**(૭.૫)** ફરીયાદપક્ષ તરફે ત.ક.અ.પ્રભાતભાઇ સુખાભાઇ મીયાત્રા (મ.સ.ઈ.)નાએ આંક–૧૪ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે, તા.૧૦–૧૦–૨૦૨૧ નાં રોજ તેઓ એન–ડીવીઝન ટ્રાફિક પો.સ્ટે. ખાતે હે.કો. તરીકે ફરજ પર હાજર હતા.ત્યારે તેઓએ ભાવેશભાઇ બીપીનચંદ્રની ફરીયાદ લખાવતા તેઓએ લખી લીધેલી, જે ફરીયાદ મુજબ એકટીવા નં.જી.જે.૦૧.એમ.યુ. ૪૦૩૮ પુરઝડપે અને ગફલતભરી રીતે અકસ્માત કરી, ફરીયાદીની દિકરીને ઈજા કરેલ,તા.૧૧–૧૦–૨૦૨૧ નાં રોજ બે પંચો રાજેશ શાહ, જીગર ઉપાધ્યાયની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનુ લખી લીધેલ, તેઓએ ઇજા પામનારનું મેડીકલ સર્ટી મેળવી ચાર્જશીટ સાથે સામેલ રાખેલ, તેઓ તેમની તપાસમાં સાહેદ અમીતાબેન જશ તથા અમીતભાઇ રામી, કલ્પેશભાઇ પ્રજાપતિ, ખીજર રંગરેજ તેમજ ઇજા પામનાર વૈદેહીનાં તેમના લખાવ્યા મુજબનાં

નિવેદનો લખી લીધેલ. તેઓની તપાસનાં અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા તેઓએ ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબનું ચાર્જશીટ કરેલુ. આરોપી તરફે ઉલટતપાસમાં જનરલ ડીનાઇલ લેવામાં આવેલ છે.

આ સાહેદની જુબાનીમાં ફરીયાદ તેઓએ લીધેલ અને તે ફરીયાદનાં આધારે તેઓએ તપાસ કરેલ છે. પરંતુ તેણે બનાવ નજરો નજર જોયેલ નથી. આ સંજોગોમાં અકસ્માતવાળો બનાવ હાલનાં આરોપીએ બેદરકારીથી વાહન ચલાવી કરેલ હોય તેવી હકીકતને સમર્થન મળતુ નથી.

(૮) ઉપરોક્ત હકીકતે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઇએ તો આંક-૦૬ ની ફરીયાદ આપનાર મુળ ફરીયાદી તથા સાહેદો પોતાની સોગંદ પરની સરતપાસમાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી. જ્યારે સદર કામે તપાસ કરનારની જુબાની પરથી એટલુ માની શકાય કે ફરીયાદીએ ફરીયાદ લખાવેલ તે અન્વયે તપાસ થયેલ હતી, પરંતુ લખાવેલ હકીકત સાચી હતી તે પુરવાર થતુ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો આરોપી સામેનાં તહોમતની વિગતે તેમા દર્શાવેલ સમય અને સ્થળે આ કામનાં આરોપીએ પોતાના કબ્જાની એક્ટીવા નં.જી.જે.૦૧. એમ.યુ. ૪૦૩૮ ની એન.આઇ.ડી. તરફથી પુરઝડપે , બેદરકારી તેમજ ગફલતભરી રીતે ચલાવી લાવેલ હોય કે ફરીયાદીનાઓની એક્ટીવા નં.જી.જે.૦૧.એફ.એક્સ. ૯૬૧૩ ને ઓવરટેક કરવા જતા ડાબી બાજુથી ટક્કર મારી ફરીયાદીનાઓને તથા પાછળ બેહેલ તેમની દિકરી વૈદેહી ઉ.વ.૧૩.ને તથા આરોપી પોતે તથા પાછળ બેસેલ ખીજર રંગરેજનાઓને એક્ટીવા સાથે નીચે પાડી દઇ ઇજા પહોંચાડી તથા પોતાને ડાબા હાથનાં કાંડાનાં ભાગે ફ્રેક્ચર કરી શરીરે ઇજાઓ પહોંચાડેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તે તમામ હકીકતો ધ્યાનમાં રાખી તથા આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨**

(૯) ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય, કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ,

રજુઆતો ધ્યાને લઈ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરીહુકમ

**૧.** આ કામનાં આરોપી **મોહમ્મદ ઉમર સલામુદ્દીન રંગરેજ**નાઓને આઇ. પી. સી. કલમ – **૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧** મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ– ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીના જામીન ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭(એ) ના હેતુ માટે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૮/૦૪/૨૦૨૩

**(સંદિપસિંહ જી.ડોડીયા)**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ.
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨